હિંદી સરકારની શિક્ષણયોજના

સંપાદક
વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાવલિ ૩૦

હિંદી સરકારની શિક્ષણયોજના

સંપાદક
વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી

નવજીવન કાર્યાલય
અમદાવાદ

મુદ્રક અને પ્રકાશક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, કાળુપુર, અમદાવાદ

આવૃત્તિ પહેલી, પ્રત, ૧,૧૦૦

૪ આના

ઑક્ટોબર, ૧૯૪૫

નિવેદન

ટૂંકમાં સારજંટ-યોજના નામથી ઓળખાતી, વડી સરકારની શિક્ષણયોજનાની આ ચોપડી, તે અંગેના 'શિક્ષણ સાહિત્ય'માં આવેલા લેખોનો સંગ્રહ છે; ને તેમાં છેવટે કેટલીક માહિતી આપતા આંકડા (છેલ્લામાં છેલ્લા મળ્યા છે તે) ઉમેરી આપ્યા છે. શરૂનો ભાગ શ્રી. વિઠ્ઠલભાઈ કોઠારીએ લખેલો યોજનાનો પરિચય છે, ને તેમાં કેટલાક મુદ્દાની સમાલોચના પણ સાથે છે. પુરવણીના બીજા ભાગમાં આ યોજના અંગે ઊઠતા છૂટક કેટલાક મુદ્દાની ચર્ચા કરતા લેખો આપ્યા છે.

હિંદુસ્તાની તાલીમી સંઘે પણ રાષ્ટ્રની સમગ્ર કેળવણીનો વિચાર કરી દેશ આગળ યોજનારૂપે તે મૂકવા ઠરાવ કર્યો છે.

રાષ્ટ્રની નવી રચનામાં શિક્ષણ એ પાયાનો પ્રશ્ન છે. તેનો વિચાર કરવામાં સરકારી યોજનાનો સાર આપતી આ ચોપડી મદદગાર થશે એમ માનું છું.

મ૦ પ્ર૦ દેસાઈ

અનુક્રમણિકા

૧

પ્રાસ્તાવિક

દુનિયામાં હાલ ચાલતા પ્રવાહનું અનુકરણ કરીને, હિંદી સરકારે યુદ્ધ પછીની પુનર્ઘટનાનો વિચાર કરવા માટે એક ખાતું ખોલ્યું છે અને રસ્તા, રેલવે, ખેતી જેવા છૂટક છૂટક વિષય ઉપર યોજનાઓ ઘડી છે. તે પ્રમાણે કેળવણી માટે પણ મધ્યસ્થ કેળવણી સલાહકારી મંડળે એક યોજના ઈ. સ. ૧૯૪૪ના જાન્યુઆરીમાં બહાર પાડી છે. તેના મુખ્ય પ્રયોજક હિંદી સરકારના કેળવણી-વિષયક સલાહકાર શ્રી. જોન સારજંટ હોવાથી તે સારજંટ રિપોર્ટ તરીકે ઓળખાય છે. તે રિપોર્ટે દેશ પરદેશમાં કેળવણીકારોનું સારી પેઠે ધ્યાન ખેંચ્યું છે, તે યોગ્ય છે. કેળવણીની દૃષ્ટિએ તે ૧૦૦ પાનના નાનકડા રિપોર્ટમાં કીમતી વિચારો ભરેલા છે.

હિંદની દૃષ્ટિએ કેળવણીના મૂળભૂત સિદ્ધાંતોનો વિચાર કરી જુદાં જુદાં કેળવણીનાં ક્ષેત્રમાં તેનો કેવી રીતે અમલ કરવો એ તે રિપોર્ટમાં બતાવવામાં આવ્યું છે. એટલે કેળવણીમાં રસ લેનાર દરેક હિંદીએ તે ધ્યાનપૂર્વક અભ્યાસ કરવા યોગ્ય છે.

કોઈને પણ સહેજે ખૂંચે એવી તે રિપોર્ટની મહત્ત્વની બાબત એ છે કે, તે આખી યોજનાનો અમલ કરવા માટે ૪૦ વરસની મુદત બતાવી છે. આમ લગભગ બે પેઢી

સુધી હિંદમાં કેળવણી રાષ્ટ્રવ્યાપી કરવા માટે રાહ જોવી પડે એ કોઈ પણ રાષ્ટ્રપ્રેમી હિંદીને પાલવે નહિ. દરેક હિંદી એમ જ ઇચ્છે કે, રશિયા જેવા દેશોએ થોડા સમયમાં પોતાની પ્રજામાંથી નિરક્ષરતા નાબૂદ કરી અને કેળવણી રાષ્ટ્રવ્યાપી કરી, તેમ હિંદમાં પણ થવું જોઈએ. તે માટે નાણાં વગેરેની જે મુશ્કેલી હોય તેનો રસ્તો કરવો જોઈએ. હિંદ સ્વતંત્ર હોય તો લોકમત સંગઠિત કરીને તેનો રસ્તો અવશ્ય કાઢે, પણ આજની પરિસ્થિતિમાં જેવી સ્થિતિ દેશમાં પ્રવર્તે છે તેનો ખ્યાલ કરીને રિપોર્ટના ઘડવૈયાએ તેનો વિચાર કર્યો છે. તેમને નાણાંની મુશ્કેલી લાગે છે. તે ઉપરાંત કેળવણી માટે જરૂરી શિક્ષકો અને ક્ષેત્ર પણ જલદી તૈયાર ન થઈ શકે એમ તેમને લાગે છે. ઉતાવળ કરવા જતાં યોગ્ય શિક્ષકો નહિ મળે અને કેળવણીનું ધોરણ બગડી જશે, એમ તેમને લાગે છે. આમાં કેટલોક તથ્યાંશ છે. પણ તે માટે લગભગ અડધા સૈકા સુધી રાહ જોવી પડે એ તો અક્ષમ્ય છે. કેળવણી માટે જરૂરી નાણાંનો પ્રબંધ સરકાર જરૂર કરી શકે છે. લશ્કર માટે હાલ લગભગ ચાર અબજ રૂપિયાનું વાર્ષિક ખર્ચ કરી શકે છે, તો યુદ્ધ પછી ધારે તો કેળવણી રાષ્ટ્રવ્યાપી કરવા માટે તેટલાં જ નાણાં ખરચી શકે છે. શિક્ષિત લોકોને જરૂરી તાલીમ આપીને યોગ્ય શિક્ષકો પણ થોડા સમયમાં તૈયાર થઈ શકે છે. અને તેમ છતાં આદર્શ શિક્ષકો તૈયાર ન થાય તો ચાળીસ વરસ સુધી રાહ જોવી તે કરતાં, બનતી તૈયારી કરીને રાષ્ટ્રવ્યાપી કેળવણીની તાત્કાલિક યોજના કરવી એ યોગ્ય છે. તે માટે ૧૦થી ૧૫ વરસનો સમય પૂરતો ગણાવો જોઈએ.

નાણાંની વ્યવસ્થાને અંગે ગાંધીજી તો કહે છે કે, આપણે ઉદ્યોગ દ્વારા કેળવણી આપવી જોઈએ અને તે સ્વાવલંબી હોવી જોઈએ. આ ગરીબ દેશમાં બીજી રીતે રાષ્ટ્રવ્યાપી કેળવણી આપવી મુશ્કેલ છે. તેમાં દેશની સગવડ છે અને કેળવણીની દૃષ્ટિએ પણ કંઈ ખોટું નથી. ઊલટું લાભ પણ છે. રિપોર્ટના પ્રયોજકો ઉદ્યોગ દ્વારા–પ્રવૃત્તિ દ્વારા–કેળવણીમાં માને છે, પણ સ્વાવલંબી કેળવણીમાં માનતા નથી. તેને અંગે તેઓ નીચે પ્રમાણે લખે છે:

૧. 'વિદ્યાર્થીઓ જે વસ્તુઓ બનાવે તેના વેચાણમાંથી કેળવણીનું ખર્ચ નીકળી રહેવું જોઈએ એ વિચારને બોર્ડ સ્વીકારી શકતું નથી. કોઈ પણ પ્રકારની કેળવણીમાં અને ખાસ કરીને નીચલાં ધોરણોમાં તેમ થઈ શકે કે થવું જોઈએ એમ બોર્ડને લાગતું નથી. બહુ બહુ તો એટલી જ આશા રાખી શકાય કે, ક્રિયાત્મક કામને અંગે જરૂરી સાધનો વગેરેનું ખર્ચ તેમાંથી નીકળી રહેવું જોઈએ.' (પા. ૮)

૨. 'બોર્ડને ખાતરી થઈ છે કે, વર્ધા યોજનામાં વિદ્યાર્થીના કામમાંથી શાળાનું ખર્ચ કાઢવા સંબંધી જે આશા રાખવામાં આવી છે તે પૂરી થાય તેમ નથી. કોઈ સંજોગોમાં તે આશા ફળે તેમ હોય તોપણ તે કેળવણીને ભોગે થશે. આમ સુયોગ્ય કેળવણીને ભોગે તેમ કરવા બોર્ડ ઇચ્છતું નથી. આથી બોર્ડને અનિચ્છાએ એવા નિર્ણય પર આવવું પડ્યું છે કે, હિંદમાં જો યોગ્ય કેળવણી દાખલ કરવી હોય તો બીજા દેશોની માફક હિંદને પણ તે માટે પૈસા ખરચવા જોઈશે.' (પા. ૬૮)

બ્રિટિશ હિંદમાં હાલ એકંદરે રૂા. ૩૦ કરોડ (૧૯૪૦–૪૧) જુદા જુદા પ્રકારની કેળવણી પાછળ ખરચાય છે. તેમાંથી ફક્ત રૂા. ૧૭ાા કરોડ સરકાર ખરચે છે. તે રકમમાં

જરૂર અનેક ગણો વધારો કરવો પડશે. પણ ગરીબ હિંદને જુદી જુદી અનેક પ્રકારની રાષ્ટ્રના ઘડતર અને ઉત્થાનની યોજનાઓ માટે કરોડો રૂપિયા ખરચવા પડશે, તે બધાનો ખ્યાલ કરીને કેળવણીની યોજના પણ થવી જોઈએ અને તે ટૂંક સમયમાં થઈ શકે તેવી હોવી જોઈએ. કરોડોની રકમનાં ખરચો બતાવીને જમાનાઓ સુધી કેળવણીની યોજના લંબાવવી એ યોગ્ય નથી. આજ સુધી સરકારે તેમ જ કર્યું છે. ઈ. સ. ૧૯૧૨માં સ્વ૰ ગોખલેને વાર્ષિક રૂ. ૪૦ લાખ જેવી નજીવી રકમની જોગવાઈ કરી આપવાની પણ ના પાડી હતી. હાલ ૨૭૭ કરોડ જેવી રકમ તુરત કાઢી આપવાની સરકાર ના પણ પાડે. તેટલી રકમ કાઢવી વ્યાવહારિક દૃષ્ટિએ મુશ્કેલ પણ હોય. એકલી કેળવણીની યોજનાની દૃષ્ટિએ મુશ્કેલ ન હોય તો બીજી રાષ્ટ્રીય યોજનાઓનો ખ્યાલ કરતાં મુશ્કેલ લાગે. એટલે થોડા ખરચમાં જલદી અમલ થાય તેવી યોજના કરવી જરૂરી છે. અને વિદ્યાર્થી પાસેથી બગાડ કર્યા વિના, કુશળતાપૂર્વક કામ કરાવવાનો પ્રયત્ન કરવા જતાં કેળવણી કથળી જશે એમ માનવું, એ તો જમાનાઓથી જામેલી પુસ્તકિયા કેળવણીમાંથી ઊભો થયેલો ભ્રમ છે. વ્યવહારના અનુબંધ વગર ગણિત ગણવું અને વિજ્ઞાન, ઇતિહાસ, ભૂગોળ અને ભાષા શીખવાં, એમાંથી જ કેળવણી મળે છે એવો ભ્રમ હાલ પ્રચલિત છે. એટલે કુશળતાપૂર્વક, જ્ઞાનપૂર્વક કામ કરતાં કરતાં સાચી કેળવણી નહિ મળે એવું કેટલાકને લાગે છે. પણ હાલની કેળવણીથી બાળકો શ્રમવિમુખ થઈ જાય છે તેને બદલે શ્રમપ્રેમી થશે તોપણ દેશને અને વ્યક્તિને લાભ જ થવાનો છે, એમ માનવું

જોઈએ. તેથી હાલની કેળવણી કરતાં માણસ, ગુજરાતના એક કેળવણીકારના શબ્દોમાં, 'વધારે બોથડ નહિ નીવડે' એટલું તો ચોક્કસ કહી શકાય. તેનો અર્થ એ નથી કે, બાળકો પાસેથી હદ ઉપરાંત વૈતરું કરાવવું જોઈએ અને કોઈ પણ રીતે શાળાનું ખર્ચ તેમની મજૂરીમાંથી કાઢવું જોઈએ. તેનો અર્થ એટલો જ છે કે, પુસ્તકિયા શિક્ષણ પાછળ વધારેપડતો સમય આપવાને બદલે ઉદ્યોગકામમાં વધુ સમય આપવો જોઈએ અને તે દરમિયાન જુદા જુદા વિષયોની વ્યાવહારિક કેળવણીની સાથે જોડીને, બાળકોની પાસે સમજપૂર્વક કુશળતાપૂર્વક કામ કરાવવું જોઈએ. એમ કરવાથી બાળકોને કામ કરવાની ટેવ પડશે; તેઓ નકામી અર્થહીન વાતો નહિ કરે કે પુસ્તક વાંચીને પડ્યા નહિ રહે; શિક્ષણ દરમિયાન શાળાના ખર્ચમાં યોગ્ય ફાળો આપશે; અને શિક્ષણ દરમિયાન મેળવેલી કુશળતા અને જ્ઞાનથી, ભવિષ્યમાં પોતાનો બાપદાદાનો ધંધો કે પોતે પસંદ કરેલો ધંધો ઉજાળશે. આવો કંઈક ખ્યાલ વર્ધા કેળવણીનો છે અને તે કેળવણીની દૃષ્ટિએ કે રાષ્ટ્રીય યા વ્યાવહારિક દૃષ્ટિએ અયોગ્ય નથી.

રિપોર્ટની આ એક બે બાબતો અને બીજી પરચૂરણ કેટલીક વિગતો બાદ કરતાં એકંદરે તે રિપોર્ટની વિચારણા, ઉપર જણાવ્યા મુજબ, કીમતી છે એમાં શંકા નથી. તેમાં કરેલાં કેટલાંક વિધાનો અને વિગતવાર ભલામણો સંઘરવા જેવાં છે, તે હવે જોઈએ.

૨

નોંધપાત્ર વિચારો

ઉપર સારજંટ યોજનાનું સામાન્ય રૂપ આપણે જોયું. હવે તે યોજનામાં જણાવેલા કેટલાક નોંધપાત્ર વિચારો તારવીને આપું છું. એમની ચર્ચામાં ઊતરવાનો સવાલ નથી.

૧. આ દેશના લોકોની કેળવણી ઉપર આ દેશના ભવિષ્યનો આધાર છે.

૨. કોઈ પણ સમાજ કે રાષ્ટ્રની ઊગતી પ્રજાની કેળવણીમાં, જો શારીરિક યોગ્યતા, બુદ્ધિબળ અને ચારિત્ર પર પૂરેપૂરો ભાર મૂકવામાં ન આવે. તો તે સમાજ કે રાષ્ટ્રની કદી સમૃદ્ધિ થઈ શકે નહિ.

૩. કોઈ પણ અવસ્થાની કેળવણીમાં, બુદ્ધિ અને ચારિત્રની કેળવણી સાથોસાથ થવી જોઈએ.

૪. હિંદની અત્યારની કેળવણીની પદ્ધતિ ઉપર હિંદની ભાવિ કેળવણીનું અસરકારક મંડાણ થઈ શકે તેમ નથી. ખરેખર કેળવણીનું વધારે સારું ચણતર કરવા માટે, અત્યારની રેઢિયાળ પદ્ધતિના ઘણાખરા ભાગનો નાશ કરવો પડશે.

૫. રાષ્ટ્રીય કેળવણીમાં. બધાંય બાળકોને ઓછામાં ઓછી એટલી કેળવણી મળવી જોઈએ કે જેથી કેળવણી લીધા પછી તેઓ પોતાની આજીવિકા મેળવી શકે અને સમાજમાં વ્યક્તિ તરીકે અને નાગરિક તરીકે પોતાની ફરજો અદા કરી શકે. ઉપરાંત જેમનામાં લાયકાત હોય

તેમને જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જવાબદારીનાં સ્થાન સંભાળવાની તાલીમ મળવી જોઈએ.

૬. કેળવણી રાષ્ટ્રીય હોય તો તે આખી પ્રજાને માટે હોવી જોઈએ. હાલની મરજિયાત કેળવણીની પદ્ધતિમાં જે ભયંકર બગાડ થાય છે તે કાયમ રાખવો ન હોય અથવા વધારવો ન હોય તો કેળવણી બધાને માટે ફરજિયાત હોવી જોઈએ. આ રીતે જો કેળવણી દેશવ્યાપી અને ફરજિયાત કરવી હોય તો ન્યાય્ય એ છે કે તે મફત આપવી જોઈએ. અને સામાન્ય બુદ્ધિ એમ કહે છે કે, કેળવણીનો મૂળ હેતુ સિદ્ધ કરવા માટે તે પૂરતા સમય માટે આપવી જોઈએ.

૭. ૬ થી ૧૪ વરસની ઉંમર સુધીની પાયાની કેળવણી એ સળંગ હોવી જોઈએ. જો તેના ટુકડા કરવામાં આવે તો તેની ઘણી ઉપયોગિતા ઓછી થઈ જાય. જો પાંચ વરસ સુધી જ ફરજિયાત કેળવણી આપવામાં આવે અને તે અગિયારમે વરસે પૂરી થાય, તો આજીવિકા મેળવવા માટે કે જીવનની તૈયારીરૂપે તે પૂરતી તાલીમ ગણી શકાય નહિ.

૮. દેશનાં બધાંય બાળકો માટે શાળાઓ ખોલવામાં આવે તોપણ જો સફળતાપૂર્વક શિક્ષણ આપનાર ન હોય તો તેથી લાભ થવાનો નથી. તેથી શિક્ષકો કેળવણીના કામમાં કુશળ હોવા જોઈશે અને તેમને બરાબર પગાર આપવો જોઈશે.

૯. કોઈ પણ અર્વાચીન સમાજમાં પિતા કરતાં માતાને કેળવવાની વધારે અગત્ય છે. અને તેથી કેળવણીની બધી સગવડો સ્ત્રીઓ અને પુરુષોને માટે એકસરખી જ હોવી જોઈએ.

૧૦. રાષ્ટ્રીય કેળવણી નાતજાત કે ધર્મના ભેદ વગર સૌને માટે એકસરખી હોવી જોઈએ.

૧૧. ધર્મના વિશાળ અર્થમાં, બધા પ્રકારની કેળવણીમાં ધર્મની પ્રેરણા મળવી જોઈએ. જો અભ્યાસક્રમના પાયામાં નીતિનો વિચાર નહિ હોય તે અભ્યાસક્રમ છેવટે નિષ્ફળ નીવડશે.

૧૨. રાષ્ટ્રીય કેળવણીમાં પરીક્ષા કોઈ ને કોઈ રૂપમાં હશે, પણ પહેલાં શિક્ષણની પદ્ધતિ નક્કી કરવી જોઈએ અને પછી તેને અનુકૂળ પરીક્ષા રચવી જોઈએ.

૧૩. જો હિંદ કેળવણીની બાબતમાં હજુ પણ પોતાની જવાબદારી નહિ ઉઠાવે, તો સુધરેલી પ્રજાઓમાં તે કાયમનું પછાત રહી જશે. . . .કેળવણીનું ખર્ચ ઓછું કરવાનો વિચાર કરવો એ ખોટામાં ખોટી કરકસર છે.

૧૪. પ્રાથમિક શાળાઓમાં દાખલ થતાં બાળકોમાંથી ચોથા ધોરણ સુધી ૨૦ ટકા બાળકો ટકે છે. એટલે બાકીના ૮૦ ટકા પર કરેલું ખર્ચ નકામું જાય છે.

૧૫. ગરીબ ખેડૂતો અને મજૂરો પોતાનાં બાળકોને શાળામાં મોકલવા આનાકાની કરે છે. કારણ કે બાળકોની મજૂરીમાંથી થતી કમાણી જતી કરવાનું તેમને પાલવતું નથી. આ રીતે જે દેશમાં ગરીબમાં ગરીબને પણ પોતાનાં બાળકોની કમાણી પર આધાર રાખવો પડતો હોય તે દેશની આર્થિક વ્યવસ્થામાં ગંભીર ખામી હોવી જોઈએ.

૧૬. ફક્ત વાચન, લેખન અને ગણિતનું શિક્ષણ એ યોગ્ય નાગરિકની તાલીમ માટે હવે પૂરતું ગણાવું ન જોઈએ.

૧૭. અગિયારમે કે બારમે વરસે બાળકો તારુણ્યમાં પ્રવેશ કરે છે ત્યારે તેમનામાં કેટલાક માનસિક અને શારીરિક ફેરફારો થાય છે. તે ધ્યાનમાં લઈને કેળવણીની રીતમાં અને અભ્યાસક્રમમાં તે અવસ્થાએ યોગ્ય ફેરફાર કરવો જોઈએ.

૧૮. બાળમંદિરોમાં બાળકોને અમુક વિષયના શિક્ષણ કરતાં અનુભવની જરૂર હોય છે. સાધારણ શાળાની માફક તેમાં વિષયોના શિક્ષણને ભાગ્યે જ સ્થાન હોઈ શકે.

૧૯. હાઈસ્કૂલને આજે કૉલેજના શિક્ષણની પૂર્વ તૈયારીરૂપે ગણવામાં આવે છે, તેમ ન થવું જોઈએ. તે શિક્ષણ પોતાની મેળે પર્યાપ્ત હોય એમ ગણાવું જોઈએ. . . . એક રીતે જોતાં હાઈસ્કૂલ એ રાષ્ટ્રીય કેળવણીની કરોડ જેવી છે. કારણ કે તેમાં જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રો માટે નિષ્ણાતો અને આગેવાનો તૈયાર કરવાનો પાયો નંખાય છે.

૨. સંસ્કારની કેળવણી માટે કોઈ ખાસ માર્ગ છે નહિ. જુદા જુદા વિષયોના શિક્ષણમાંથી બાળકને જેમ કેળવણી મળે છે તે જ રીતે ઉદ્યોગ અને પ્રત્યક્ષ વિજ્ઞાનમાંથી પણ સંસ્કાર અને કેળવણી મળે છે. . . . એ ભૂલવું ન જોઈએ કે, ઘણા વિદ્યાર્થીઓને, જોકે તેઓ અમુક ધંધામાં પડવાના ન હોય તોપણ, પ્રત્યક્ષ કામ કરવાથી ઘણો લાભ થશે.

૨૧. વિદ્યાપીઠોનો હેતુ એ છે કે, સમાજનું બૌદ્ધિક ધોરણ ઊંચું કરવું; પ્રજામાનસને ઘડવું; રાષ્ટ્રીય રુચિને શુદ્ધ કરવી; લોક-અભિલાષા માટે સાચા સિદ્ધાન્તોનું દર્શન કરાવવું; જમાનાના વિચારોને વિશાળતા અને સંયમથી અંકિત

કરવા; રાજકીય સત્તા ધરાવનારા લોકોના કામમાં મદદરૂપ થવું; અને વ્યક્તિના જીવનવ્યવહારને સંસ્કારી બનાવવો.

૨૨. હાલની પદ્ધતિમાં પરીક્ષાઓને ઘણું વધારેપડતું મહત્ત્વ આપવામાં આવ્યું છે એ વિષે શંકા નથી. આથી સંકુચિત પુસ્તકિયા શિક્ષણને ઉત્તેજન મળે છે અને સાચો અભ્યાસ થતો નથી તથા મૌલિક વિચારશક્તિ કેળવાતી નથી.

૨૩. પ્રૌઢશિક્ષણનો હેતુ એ હોવો જોઈએ કે, દરેકને પોતપોતાની શક્તિ પ્રમાણે, જીવન પર્યંત, ચાલુ અને પૂરી કેળવણી મળ્યા કરે. એટલે કે, દરેક પ્રજાજન નાગરિક તરીકે પોતાની ફરજો બરાબર અદા કરે એવી કેળવણી આપવી જોઈએ. . . . બાળક દોડી શકે તે પહેલાં તેણે ચાલતાં શીખવું જોઈએ. આથી કોઈ પણ પુખ્ત ઉંમરનો માણસ કેળવણીનો ઉપર પ્રમાણે વિશાળ અર્થમાં લાભ ઉઠાવી શકે તે પહેલાં તેણે લખતાં વાંચતાં શીખવું જોઈએ. . . . લખતાં વાંચતાં શીખવું એ કંઈ કેળવણીનું ધ્યેય નથી, તે તો માત્ર સાધન છે. . . . પ્રૌઢોનું શિક્ષણ સાંસ્કારિક અને વ્યાવહારિક બન્ને પ્રકારનું હોવું જોઈએ. તેમના દૈનિક જીવન અને કામની સાથે તેને બરાબર જોડવું જોઈએ.

૨૪. બાળકોના શિક્ષણમાં જે પદ્ધતિ કામમાં આવે છે તે પ્રૌઢોના શિક્ષણમાં હંમેશાં કામમાં આવતી નથી. આથી શિક્ષકોને તે માટે ખાસ તાલીમ આપવી જોઈએ.

૨૫. કોઈ પણ વ્યાપક કેળવણીની યોજના માટે મહત્ત્વની જરૂરિયાત એ છે કે, પૂરતા શિક્ષકો હોવા જોઈએ અને તેમને તાલીમ આપવા માટે પૂરતી સંસ્થાઓ હોવી જોઈએ . . . તેમને પૂરતો પગાર મળવો જોઈએ અને શિક્ષકો પર

એટલું ઠસાવવું જોઈએ કે, તે ધંધો પોતે કેવળ આજીવિકા માટે કરે નહિ, પણ તે એક સ્વેચ્છાએ સ્વીકારેલું કાર્ય સમજીને કરે.

૨૬. પરણેલી સ્ત્રીઓ અને વિધવાઓને શિક્ષકો તરીકે વધુ પ્રમાણમાં રોકવી જોઈએ. માતૃત્વ અને વિવાહિત જીવનમાંથી એવું જ્ઞાન અને અનુભવો મળે છે કે જે બાળકોની સંભાળ અને કેળવણી માટે અમૂલ્ય થઈ પડે છે.

૨૭. શાળાનું દરેક બાળક તંદુરસ્ત હોય અને તેનો શારીરિક વિકાસ બરાબર થાય એવી દરેક શાળામાં વ્યવસ્થા હોવી જોઈએ. . . . તંદુરસ્ત બાળકો જ કેળવણીનો પૂરેપૂરો લાભ ઉઠાવી શકે છે.

૨૮. હિંદની શાળાઓમાં શિક્ષકો અને બાળકોનાં વાલી વચ્ચે સંબંધનો અભાવ હોય છે એ શોચનીય છે.

૨૯. રાષ્ટ્રીય કેળવણીની યોજનામાં, જેમાં બધા બાળકો માટે સૌ સૌની શક્તિ પ્રમાણે કેળવણી આપવાની વ્યવસ્થા થતી હોય, તેમાં એ સ્વાભાવિક છે કે, મૂઢ અને અપંગ માટે પણ વિચાર કરવો જોઈએ.

૩૦. ખરી રીતે, કેળવણી એટલે બાળકને માનસિક, નૈતિક અને શારીરિક જ્ઞાનનો ખાસ ઘૂંટડો પાઈ દેવો એ નથી, પણ બાળકને સમાજને ઉપયોગી થતાં પણ શીખવવું જોઈએ. આથી શાળા મહાશાળાના જીવનનો મહત્ત્વનો હેતુ એ હોવો જોઈએ કે, વિદ્યાર્થીને શાળાની અંદર અને બહાર સામાજિક અને નાગરિક જીવનની તાલીમ મળે.

૩૧. બાળકનામાં જન્મથી સામાજિક દૃષ્ટિ હોઈ શકતી નથી. તેને ધીમે ધીમે એવું ભાન કરાવવું જોઈએ કે, તે

એક સમાજમાં રહે છે અને તેના પોતાના ઉપરાંત બીજા લોકો સમાજમાં વસે છે, જેમનો તેણે ખ્યાલ રાખવો જોઈએ.

૩૨. તરુણ અવસ્થામાં શરૂઆતથી જ સમાજસેવાનો વિચાર બાળકોમાં સીંચવો જોઈએ.

૩૩. આનંદ અને ઉત્સવો ફક્ત બાળકો માટે નહિ પરંતુ બધા ઉંમરના લોકો માટે જરૂરી છે. આથી રાષ્ટ્રીય કેળવણીમાં તેની વિવિધ રીતે વ્યવસ્થા કરવી જોઈએ અને વિશાળ દૃષ્ટિએ સામાજિક પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

૩૪. કેળવણીની યોજનામાં ભણી રહેલા વિદ્યાર્થીઓને ધંધો બતાવનાર ખાતું પણ હોવું જોઈએ.

૩૫. કોઈ પણ કેળવણીની યોજનાનો જો દીર્ઘદૃષ્ટિથી કુશળતાપૂર્વક અમલ કરવામાં ન આવે તો તે સફળ થઈ શકે નહિ.

આ વિચારો કેળવણીની પુનર્ઘટના માટે સામાન્ય સૂત્રો જેવા છે અને કોઈ પણ કેળવણીની યોજનામાં લક્ષમાં લેવા જેવા છે.

૩

મહત્ત્વની ભલામણો

હવે સાર્જંટ યોજનાની મહત્ત્વની ભલામણો કઈ કઈ છે તે ટૂંકમાં જોવાથી આ યોજનાનો ખ્યાલ પૂરો આવી જશે.

બાળકેળવણી

આ કેળવણી ૩ થી ૬ વરસનાં બાળકો માટે હોય. તે મફત અને મરજિયાત હોવી જોઈએ. તેમાં શિક્ષકો બધી સ્ત્રીઓ હોય. તેમાં બાળકોને લખતાં વાંચતાં શીખવવા પર ભાર ન દેવો, પણ તેમને સ્વચ્છતાની, ખાવાપીવાની સારી ટેવો પાડવી અને બાળકોપયોગી પ્રવૃત્તિ કરાવવી. તે વર્ગો પ્રાથમિક શાળાના મકાનમાં ચાલી શકે. શહેરોમાં તેને માટે પૂરતી સંખ્યા મળે તો જુદી શાળા પણ થઈ શકે.

૧૯૪૦ની ગણતરી પ્રમાણે બ્રિટિશ હિંદનાં ૩ થી ૬ વરસનાં ૨૪૪ લાખ બાળકોમાંથી ૩૫ લાખ બાળકો આવી શાળાઓનો લાભ લે, (ઇંગ્લંડમાં પણ આ ઉંમરનાં ૭ બાળકોમાંથી ૧ આવી શાળામાં જાય છે એ હિસાબે) એમ ગણીએ તો બાળમંદિરો માટે વાર્ષિક રૂ. ૩૨૦ લાખ જોઈએ. શિક્ષક દીઠ સરેરાશ ૩૦ બાળકો હશે અને વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૩૧.૮૪ આવશે.

પ્રાથમિક કેળવણી

૬ થી ૧૪ વરસનાં બધાં બાળકો માટે મફત અને ફરજિયાત હોય. તેનો અભ્યાસક્રમ વર્ધા યોજનાને ધોરણે પણ સરકારી 'એબ્રિક' કેળવણી કમિટીના બે રિપોર્ટોમાં

કરેલી સૂચનાઓ અનુસાર હોય. આ કેળવણીના બે ભાગ પડે: ધો. ૧ થી ૫ અને ૬ થી ૮. પાંચ ધોરણ પછી વિદ્યાર્થી તે જ શાળામાં આગળ જાય, માધ્યમિક શાળામાં જાય, અગર કોઈ ઔદ્યોગિક શાળામાં જાય. તે શાળામાં આગળ ભણે તો તે અભ્યાસને અંતે તે પોતાનો ધંધો કરી શકે અને નાગરિક તરીકે કામ કરી શકે એટલી તાલીમ તેને મળવી જોઈએ.

પહેલાં પાંચ ધોરણમાં અંગ્રેજી મુદ્દલ ન હોય. પછીનાં વરસોમાં હોવું જ જોઈએ એમ ન ગણવું. પણ તે સંબંધમાં તે તે વિસ્તારના લોકોની માગણી પ્રમાણે વ્યવસ્થા કરવી.

શાળામાં બપોરે બાળકોને ભોજન કે નાસ્તો આપવો. બાળકો તે ઘેરથી લાવે, અગર શાળા તરફથી તેની વ્યવસ્થા કરવી ને આપી શકે તેવાં માબાપ તેનું ખર્ચ આપે.

ચાલીસ વરસમાં પૂરી યોજના અમલમાં આવ્યા પછી આને અંગે વાર્ષિક બે અબજ રૂપિયાનું ખર્ચ થશે. નીચલાં ધોરણોમાં ખર્ચ બાળમંદિર જેટલું આવશે. ઉપલાં ધોરણોમાં શિક્ષક દીઠ ૨૫ વિદ્યાર્થી હશે અને વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૫૫.૩૧ આવશે.

માધ્યમિક કેળવણી

પ્રાથમિક શાળામાંથી, માધ્યમિક શિક્ષણ માટે ગમે તેમ વિદ્યાર્થીઓને ન લેવા, પણ યોગ્ય વિદ્યાર્થીઓની પસંદગી કરવાનું ધોરણ રાખવું. પસંદ કરેલા વિદ્યાર્થી માટે શિક્ષણ મફત હોય. તેમના ખર્ચ માટે શિષ્યવૃત્તિઓની પણ વ્યવસ્થા હોય. પસંદગીમાં ન આવેલા જેઓ તે શિક્ષણ લેવા માગે તે તેમાં ભણી શકે, પણ તેમણે ફી વગેરે બધું

ખર્ચ આપવું જોઈએ. તેવાઓની સરેરાશ માસિક ફી રૂ. ૬ ગણવી. એ રીતે શાળાનો નિભાવ ફીમાંથી નહિ પણ જાહેર ફંડમાંથી થાય.

આ શાળાઓના વિદ્યાર્થીઓમાંથી ૧૦ કે ૧૫માંથી ૧ કૉલેજમાં જાય છે; બાકીના મોટા ભાગના તો ધંધામાં પડે છે. એટલે મોટા ભાગને લક્ષમાં રાખીને અભ્યાસક્રમ રાખવો જોઈએ. અને તે કેળવણીની દૃષ્ટિએ સળંગ પર્યાપ્ત હોવો જોઈએ. આજની માફક ફક્ત કૉલેજની પૂર્વતૈયારી રૂપે ન હોય.

આ શાળાઓ બે પ્રકારની હોય: (૧) શાસ્ત્રીય વિષયોની (૨) ઔદ્યોગિક.

સાહિત્યની માફક ધંધાની કેળવણીમાંથી પણ સંસ્કારની કેળવણી મળી શકે છે. એટલે હાઈસ્કૂલનાં ઉપલાં ધોરણોમાં ધંધાની કેળવણીનો પાયો નંખાવો જોઈએ. હાઈસ્કૂલમાંથી પસાર થયા પછી જેમને કૉલેજમાં જવું હોય તે ત્યાં જાય અને જેમને ધંધાની વધુ તાલીમ લેવી હોય તેઓ તેની તાલીમ લે. તેમને માટે ૧ થી ૩ વરસનો ધંધાનો ખાસ અભ્યાસક્રમ હોવો જોઈએ.

બંને પ્રકારની શાળાઓના નીચલા વર્ગોનો અભ્યાસક્રમ સરખો જ હોય. કળા અને સંગીતનું શિક્ષણ બધાને માટે હોય. ઉપલા વર્ગોમાં છોકરીઓ માટે ગૃહશાસ્ત્રનો વિષય હોય.

બધું શિક્ષણ માતૃભાષા દ્વારા આપવામાં આવે અને અંગ્રેજી ફરજિયાત બીજી ભાષા તરીકે રાખવામાં આવે.

૧૯૪૦-૪૧ની વસ્તી-ગણતરીને હિસાબે ૧૧થી ૧૭ની ઉંમરના લગભગ ૭૩ લાખ વિદ્યાર્થીઓ હાઈસ્કૂલોમાં

બણું એમ ગણીએ તો તેનું ખર્ચ, ફી વગેરેની આવક બાદ કરતાં, રૂ. ૫૦ કરોડ થશે. શિક્ષક દીઠ સરેરાશ વિદ્યાર્થી ૨૦ આવશે અને વિદ્યાર્થી દીઠ સરેરાશ વાર્ષિક ખર્ચ રૂ. ૧૦૯ આવશે.

ઉચ્ચ કેળવણી

હાઈસ્કૂલની માફક કૉલેજમાં પણ લાયક વિદ્યાર્થીઓને પસંદ કરીને લેવા. અને જેમને પસંદ કરવામાં આવે તેમના ખર્ચ માટે મોટા પ્રમાણમાં શિષ્યવૃત્તિઓ આપવી.

વિદ્યાપીઠો ફક્ત પરીક્ષાઓ લેવાનું કામ ન કરે, પણ તે પણ સંશોધન અને કેળવણીનું કામ કરે.

કૉલેજમાં પસંદગીના વિષયનો અભ્યાસક્રમ ત્રણ વરસનો હોય. અત્યારનાં પહેલાં બે વરસમાંથી એકના અભ્યાસક્રમનો સમાવેશ હાઈસ્કૂલમાં થાય અને બીજાનો સમાવેશ કૉલેજના ખાસ અભ્યાસક્રમમાં થાય.

૧૯૨૫માં આંતર-યુનિવર્સિટી બોર્ડ સ્થપાયું છે તે સલાહકારક છે. તેને કંઈ સત્તા નથી. મધ્યસ્થ સરકાર તરફથી વિદ્યાપીઠોને મદદ આપવા માટે એક યુનિવર્સિટી ગ્રાન્ટ કમિટી સ્થાપવી જોઈએ.

કૉલેજોમાં, ધંધામાં પડેલા લોકો માટે, વરસમાં અમુક વખત અગર દિવસમાં અમુક વખત વર્ગો ભરવાની વ્યવસ્થા હોવી જોઈએ.

કૉલેજોમાં ૨,૪૦,૦૦૦ વિદ્યાર્થીઓ માટે વ્યવસ્થા કરવી પડશે. વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૪૦૦ ગણીએ તો, ફી (માસિક રૂ. ૨૦) વગેરેની આવક બાદ કરતાં, આ ખાતે રૂ. ૬૭૦ લાખ જોઈશે.

ઔદ્યોગિક કેળવણી

ધંધામાં પડનાર લોકોને તાલીમ આપવા માટે અને ધંધામાં પડેલાને દિવસમાં અમુક વખત કે વરસમાં અમુક વખત તાલીમ આપવા માટે ઔદ્યોગિક શાળાઓ હોવી જોઈએ. સાધારણ કારીગરથી માંડીને જુદા જુદા ઉદ્યોગોના નિષ્ણાત તૈયાર કરવાની અને તેના સંશોધનની વ્યવસ્થા પણ હોવી જોઈએ.

ઔદ્યોગિક શિક્ષણની સાથે કેટલાક સામાન્ય વિષયોનું શિક્ષણ પણ આપવું જોઈએ.

આ શાળાઓ કેળવણી ખાતાને હસ્તક હોવી જોઈએ. અને અખિલ હિંદના ઔદ્યોગિક શિક્ષણ માટે એક જુદી સમિતિ હોવી જોઈએ.

ટૂંક સમય અને પૂરા સમયના વર્ગો ચલાવવાનું વાર્ષિક ખર્ચ, ફીની આવક જતાં, રૂ. ૮ કરોડ થશે. તેમાં ૭૫,૦૦૦ વિદ્યાર્થીઓ ભણી શકશે. આ ઉપરાંત ઔદ્યોગિક કૉલેજોમાં બીજા ૨૫,૦૦૦નો સમાવેશ થશે. વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ રૂ. ૫૦૦ આવશે.

સ્ત્રીકેળવણી

સ્ત્રીકેળવણી માટે જુદો વિચાર કરવાની જરૂર નથી. ઉપરની જુદા જુદા પ્રકારની કેળવણીમાં તેનો સમાવેશ થઈ જાય છે. જૂના વિચારના લોકો ધારે છે તેમ, કેળવણીના વિષયમાં જાતીય ભેદ મૂળગત નથી. તેથી બંનેની કેળવણીનો જુદી જુદી રીતે વિચાર કરવાની જરૂર નથી. પણ હાઈ સ્કૂલનાં ઉપલાં ધોરણોમાં બીજા વિષયોની સાથે છોકરીઓ માટે 'ગૃહશાસ્ત્ર'નો વિષય રાખવો.

પ્રૌઢ કેળવણી

૧. નિશાળ જવા યોગ્ય ઉંમર સિવાયનાં બધાં નિરક્ષર સ્ત્રીપુરુષો માટે આ વ્યવસ્થા હોવી જોઈએ. ૧૯૪૦ની ગણતરી પ્રમાણે આવાં સ્ત્રીપુરુષો ૧૨૭૦ લાખ છે. તે બધાંને પચીસ વરસમાં ભણાવી દેવાની યોજના વિચારી છે. તે દરમિયાન કેટલાંક ઘરડાં થઈ જશે, કેટલાંક મરી જશે, એ બાદ કરતાં, પચીસ વરસમાં ૯૦૫ લાખ પ્રૌઢોને કેળવણી આપવાની રહેશે. તેનું વાર્ષિક ખર્ચ રૂ. ૩ કરોડ આવશે.

૨. આને માટે જુદાં મકાનોની જરૂર નથી. શાળાનાં અને બીજાં જાહેર મકાનોનો ઉપયોગ થઈ શકે. અનુકૂળ ઋતુમાં ખુલ્લામાં પણ વર્ગો ચાલી શકે. આમાં લોકગીતો, નાટકો, ઉત્સવો, રેડિયો, સિનેમા, વગેરેનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ. પુસ્તકાલયોની પણ સારી સગવડ હોવી જોઈએ. તેને અંગેનું સાહિત્ય પણ બહાર પાડવું જોઈએ.

૩. આ કેળવણી માટે શિક્ષકોને ખાસ તાલીમ આપવી જોઈએ. વર્ગોમાં સંખ્યા ૨૫ થી વધુ ન રાખવી. ૧૬ વરસ નીચેના નિરક્ષર છોકરાઓ અને તેથી મોટી ઉંમરના પ્રૌઢોના વર્ગો જુદા જુદા ચલાવવા. નિરક્ષર છોકરીઓ અને મોટી ઉંમરની સ્ત્રીઓના વર્ગો ભેગા ચાલી શકે. આ કેળવણી એક વરસમાં પૂરી કરવી અને સમયની અનુકૂળતા પ્રમાણે છૂટક છૂટક ઓછામાં ઓછા સો કલાક આપવી.

૪. પ્રૌઢોને લખવા વાંચવાનું શીખવ્યા પછી, બીજા વિષયોની, સંસ્કારની અને ઉદ્યોગની કેળવણી આપવાનો પ્રબંધ કરવો જોઈએ. એટલે નિરક્ષરતા નાબૂદ થયા પછી પણ પ્રૌઢોને જીવન પર્યંતની કેળવણી આપવાની વ્યવસ્થા

હોવી જોઈએ. અને યોગ્ય પ્રૌઢોને થોડો સમય વર્ગો ભરીને કોલેજમાં શિક્ષણ લેવાની સગવડ મળવી જોઈએ.

૫. પ્રૌઢોની કેળવણી સફળતાપૂર્વક ચાલશે તો માબાપો કેળવણીની ઉપયોગિતા સમજશે અને તેથી બાળકોને માટે કેળવણી ફરજિયાત કરવાનો પ્રશ્ન સહેલો થઈ જશે.

અપંગોને કેળવણી

બહેરાં—મૂગાં—આંધળાં અને મૂઢ કે બીજી રીતે અપંગ બાળકો માટે અલગ અલગ શિક્ષણની વ્યવસ્થા હોવી જોઈએ. તેમને કેળવવા એ રાજ્યની ફરજ છે. તે જ પ્રમાણે ગુનેગારોને પણ કેળવવાની ફરજ છે.

ઇંગ્લંડની માફક આંધળાઓને માટે હિંદમાં કાયદો થવો જોઈએ અને તેમને શીખવવા માટે હિંદની બધી ભાષાઓ માટે એકસરખી બ્રેઇલી પદ્ધતિ યોજવી જોઈએ. તેમને માટે અને બીજા અપંગોને શીખવવા માટે ખાસ શિક્ષકો તૈયાર કરવા જોઈએ.

આવી ખાસ શાળાઓનું ખર્ચ અગાઉ દર્શાવેલી જુદી જુદી કેળવણીના ખર્ચમાં ગણી લીધું છે.

આરોગ્ય – વ્યાયામ

દરેક વિદ્યાર્થી પૂરેપૂરો તંદુરસ્ત રહે, તેનાં અંગઉપાંગો કેળવાય અને જરૂર પ્રસંગે તેની સારવાર થાય, એવી વ્યવસ્થા દરેક શાળામાં હોવી જોઈએ.

કસરત માટે રીતસર વ્યવસ્થા હોવી જોઈએ. જડ કસરતો કે કવાયત ફરી ફરી કરાવવાને બદલે ચપળતા અને કેળવણીની સાથે આનંદ અને વ્યાયામ મળે એવી રમતો અને

કસરતો કરાવવી જોઈએ. તે માટેનો સમય શાળાના કામને અંતે ન રાખવો.

બાળકોમાં સંઘશક્તિ, સ્વચ્છતા અને વ્યવસ્થાશક્તિ કેળવાય તથા તેમને યોગ્ય ખાવાનું મળે તે માટે, શાળા તરફથી, કે બાળકો પાસેથી ઘેરથી મંગાવીને, શાળામાં ખાવાનું આપવાની વ્યવસ્થા કરવી જોઈએ.

દરેક વિદ્યાર્થીની અમુક અમુક વખતે રીતસર દાકતરી તપાસ થવી જોઈએ. ખાસ કરીને, દાખલ થતાં, ૧૧ મે, ૧૪મે અને ૧૭મે વરસે એમ તપાસ થવી જોઈએ. અને શારીરિક ખોડખાંપણ કે બીમારી હોય તેના વાલીઓની મદદથી રીતસર સારવાર થવી જોઈએ. નજીકના દવાખાનામાં વિદ્યાર્થીઓને દવા આપવાની ખાસ વ્યવસ્થા હોવી જોઈએ. શાળામાં પણ સારવારની તાલીમ લીધેલ શિક્ષક સાધારણ ઉપચાર કરી શકે. વર્ષમાં બે વાર વિદ્યાર્થીઓનાં વજન, ઊંચાઈ અને શરીરનાં માપ શિક્ષકોએ નોંધવાં જોઈએ.

આટલા બધા વિદ્યાર્થીઓની તપાસ અને સારવાર માટે એકંદરે ૭,૫૦૦ દાકતરો અને ૧૫,૦૦૦ નર્સો રાખવાં જોઈએ. તે ઉપરાંત ૭૦૦૦ જેટલા મદદનીશ દાકતર જેવી તાલીમ પામેલા શિક્ષકો જોઈએ, જેઓ શાળામાં સારવાર કરે, દાકતરની સૂચનાનો અમલ કરે અને માબાપને અને શિક્ષકોને બાળકોના આરોગ્ય સંબંધમાં સૂચનાઓ આપે.

સ્વચ્છતા દરેક શાળામાં બરાબર જળવાવી જોઈએ. તે માટે રોજ શાળા શરૂ થતાં પહેલાં બધા પોતપોતાને સોંપેલું સ્વચ્છતાનું કામ કરી લે.

પીવાનું ચોખ્ખું પાણી સ્વચ્છ વાસણમાં તાળાકૂંચીમાં રાખવું જોઈએ.

શાળાને અંગે જાજરૂ, પેશાબ માટે વ્યવસ્થા હોવી જોઈએ. ગામડામાં સારડા જાજરૂ (બોર્ડ—હોલ લેટ્રીન) સારું કામ આપે.

સમાજસેવા અને આનંદપ્રમોદ

૧૪થી ૨૦ વરસની ઉંમરનાં માટે બ્રિટનની યુવક ચળવળના ધોરણે અખિલ હિંદ યુવક ચળવળ થવી જોઈએ. તે દ્વારા યુવકોને આનંદ મળે અને સમાજસેવાની તાલીમ મળે. તે માટે યુવક આગેવાનો તૈયાર કરવા જોઈએ. એ રીતે યુવાનોમાં સ્વતંત્ર રીતે કામ કરવાની શકિત કેળવાશે અને તેમને ભેગા મળીને કામ કરતાં આવડશે. આ અનુભવ પુસ્તકોમાંથી મેળવેલા જ્ઞાન કરતાં વધારે ઉપયોગી અને કાયમી અસર ઉપજાવનારો થશે. આ કામમાં સ્કાઉટ સંઘો અને વ્યાયામ મંડળો મદદ કરી શકે. તે માટેનું વાર્ષિક ખર્ચ રૂ. ૧ કરોડ ગણ્યું છે.

વ્યવસાય સહાયક ખાતું

દરેક ધંધાદારી પોતાના માલને માટે બજાર શોધે છે તેમ દરેક કેળવણીની સંસ્થાએ પોતે તૈયાર કરેલો વિદ્યાર્થી કયા કામને માટે લાયક છે તે માબાપને બતાવવું જોઈએ, અને તે પ્રમાણે જગ્યાઓ શોધી આપવાની પણ વ્યવસ્થા હોવી જોઈએ. આ માટે કેળવણી અને ઉદ્યોગ બન્નેના અનુભવી નિષ્ણાતોને રોકવા જોઈએ અને તેઓએ મજૂર મંડળો, માલિક મંડળો અને એવાં બીજાં મંડળોની મદદથી કામ કરવું જોઈએ. આ માટે શરૂઆતનાં વરસોમાં વાર્ષિક ખર્ચ રૂ. ૬૦ લાખ ગણ્યું છે. પછી તેનો સમાવેશ સામાન્ય વ્યવસ્થાખર્ચમાં થશે.

શિક્ષકો

ઉપરની આખીય કેળવણીની યોજનાનો મદાર યોગ્ય શિક્ષકો ઉપર છે. તેમને પૂરતી તાલીમ આપવી જોઈએ અને પૂરતા પગાર આપવા જોઈએ. શિક્ષકનું કામ એ ખાસ ઉપયોગી ગણાવું જોઈએ અને સમાજમાં શિક્ષકને માનનું સ્થાન હોવું જોઈએ.

બાળકેળવણી માટે બધા શિક્ષકો સ્ત્રીઓ જ હોય. તેમાં પરિણીત સ્ત્રીઓ અને વિધવાઓને લેવાને માટે ઉત્તેજન આપવું. પ્રાથમિક શાળાઓમાં નીચલાં ધોરણોમાં ¾ અને અને ઉપલાં ધોરણોમાં ⅓ શિક્ષિકાઓ હોવી જોઈએ.

શિક્ષક સામાન્ય રીતે મેટ્રિક થયેલો હોવો જોઈએ. તે ઉપરાંત તેને શિક્ષક તરીકે તાલીમ મળવી જોઈએ. કોઈ શિક્ષકને માસિક રૂા. ૩૦ થી ઓછો પગાર ન મળવો જોઈએ. ગામડાંમાં રહેવા મફત ઘર મળવાં જોઈએ. અગર ભાડા પેટે ૧૦ ટકા વધુ પગાર આપવો જોઈએ. શહેરોની મોંઘવારી અંગે ૫૦ ટકા સુધી વધુ પગાર આપવો જોઈએ. અને પેન્શન અગર પ્રોવિડંટ ફંડની વ્યવસ્થા હોવી જોઈએ.

જુદી જુદી કોટિના શિક્ષકોને લાયકાત પ્રમાણે નક્કી કરેલે ધોરણે પગાર મળે. તેમને તાલીમ આપવાનું ખર્ચ વાર્ષિક રૂ. ૪૫૦ લાખ થશે એમ ગણ્યું છે. જુદા જુદા પ્રકારની તાલીમ માટે અલગ અલગ સંસ્થાઓ જોઈશે. શિક્ષક દીઠ સરેરાશ ૧૫ વિદ્યાર્થી હશે. શિક્ષણ ફી કંઈ લેવામાં નહિ આવે, પણ ભોજનખર્ચ વગેરે વાર્ષિક લગભગ રૂ. ૨૫૦ આવે તે અડધા વિદ્યાર્થીઓ પાસેથી મળશે, એમ ગણ્યું છે.

૪

ઉપસંહાર

ઉપર પ્રમાણે તે રિપોર્ટના નોંધમાત્ર વિચારો અને ભલામણો છે. તેમાંથી એક બે મહત્ત્વની બાબતો પર શરૂઆતમાં થોડી નોંધ લખી છે. તે ઉપરાંત બીજી કેટલીક બાબતો વિષે પણ વિચાર કરવા જેવો છે.

બોર્ડે પ્રાથમિક શિક્ષણ આસ્તે આસ્તે દેશવ્યાપી, મફત અને ફરજિયાત કરવાનું સૂચવ્યું છે; પણ તે ફરજિયાત કરવાનું તંત્ર કેવું હશે તે બતાવ્યું નથી. ફરજિયાત કરવા જતાં અમલદારી ત્રાસ વધી પડે અગર ગરીબ લોકો પર દંડનું ભારણ થાય, તો ઓલામાંથી ચૂલામાં પડવા જેવું થાય. માટે પ્રચલિત પરિસ્થિતિનો ખ્યાલ કરીને તેનું તંત્ર બનાવવું જોઈએ.

પ્રાથમિક શાળાનાં પાંચ વરસને અંતે વિદ્યાર્થીઓ માધ્યમિક શાળામાં જઈ શકે એવી વ્યવસ્થા સૂચવી છે. તે હાલની પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણની પદ્ધતિને કાયમ કરવા જેવું છે. હાલ પણ પૂરાં સાત ધોરણની પ્રાથમિક શાળાઓ ઘણે ઠેકાણે હોય છે. પણ તેમાં ચાર ધોરણ પછી બહુ ઓછા ભણે છે. ઘણા માધ્યમિક શાળાઓમાં દાખલ થઈ જાય છે. નવા ધોરણની પ્રાથમિક શાળાનો પૂરો લાભ ઉઠાવવો હોય તો ૬ થી ૧૪ વરસનાં બધાંને માટે એકસરખું પ્રાથમિક શિક્ષણ હોવું જોઈએ. વચ્ચેથી માધ્યમિક શાળામાં જવા દેવાથી શિક્ષણની સળંગતા સચવાશે નહિ અને નવી કેળવણીનો હેતુ સરશે નહિ. એટલે પ્રાથમિક શાળાનું પૂરું શિક્ષણ બધાને મળવું જોઈએ. ત્યાર પછી ત્રણેક વરસનો

હાઈસ્કૂલનો અભ્યાસક્રમ હોય, તેમાં કોલેજની જુદી જુદી શાખાઓ માટે પૂર્વતૈયારી થાય, અગર જે વિદ્યાર્થીઓ ધંધામાં પડવા માગતા હોય તેમને ધંધાની તાલીમ મળે. આ રીતે કરવાથી હાઈસ્કૂલનાં નીચલાં ધોરણો અને પ્રાથમિક શાળાનાં ઉપલાં ધોરણોમાં લગભગ એકસરખી તાલીમ માટે બેવડા વર્ગો ચાલે છે તે નહિ બને અને કેળવણીની સળંગતા સચવાશે.

બોર્ડે રાષ્ટ્રભાષાના સળંગ શિક્ષણની વાત કરી નથી. બેઝિક કમિટીની ભલામણોના સારદોહનમાં તેનો થોડો ઉલ્લેખ આવે છે. તે સિવાય આગળ ક્યાંય તેનો ઉલ્લેખ મળતો નથી. વિદ્યાર્થીઓ શરૂમાં થોડી રાષ્ટ્રભાષા ઉપલકિયા ભણે તે પૂરતું નથી. આજના અંગ્રેજીના શિક્ષણની માફક તેનું સળંગ શિક્ષણ આગળ ઉપર પણ મળતું રહેવું જોઈએ અને વિદ્યાર્થીઓ સહેલાઈથી રાષ્ટ્રભાષામાં લેખન વાચન કરી શકે એમ થવું જોઈએ. તેને બદલે, માધ્યમિક શાળામાં અંગ્રેજી ફરજિયાત રાખવામાં આવ્યું છે. તેમાં ચાલતી આવેલી પદ્ધતિને મહોર મારેલી જણાય છે. અંગ્રેજીનું આંતરરાષ્ટ્રીય અને સાહિત્યની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે એમ કહી શકાય. પણ તેથી દરેક હિંદીએ તે શીખવું જરૂરી નથી. ચીન, જાપાન, જર્મની, અને ફ્રાન્સ ઇટાલીના મોટા મોટા માણસોને આપણી પેઠે અંગ્રેજી શીખવાની જરૂર લાગતી નથી, તો આપણને શા માટે હોવી જોઈએ? આપણો લગભગ બધો વ્યવહાર અને શિક્ષણ માતૃભાષામાં અને જરૂરિયાત પ્રમાણે રાષ્ટ્રભાષા હિંદુસ્તાનીમાં ચાલવાં જોઈએ. અર્વાચીન ભાષા તરીકે અંગ્રેજી ભાષા અને

સાહિત્ય જેમને શીખવાં હોય તેમને માટે જોઈતી વ્યવસ્થા હોય તો બસ. જેમને પોતાના શિક્ષણને અંગે કે વ્યવહારોને અંગે શીખવાની જરૂર હશે તે શીખશે અને બિન-અંગ્રેજી દેશોના લોકો જેમ વ્યવહાર ચલાવે છે તેમ ચલાવશે. પણ તે પ્રાથમિક શિક્ષણ બાદ સૌને માટે ફરજિયાત રાખવાની જરૂર ન હોય. ફરજિયાત તો માતૃભાષાની સાથે રાષ્ટ્રભાષા હિંદુસ્તાની જ હોય. એટલું ખરું છે કે, હિંદની હાલની રાજકીય પરિસ્થિતિમાં અંગ્રેજીનું પ્રભુત્વ જામેલું છે તે કાઢવું મુશ્કેલ છે. પણ રાજકીય પરિવર્તન થતાં સ્વરાજમાં ઉપર પ્રમાણે તેને સ્વાભાવિક સ્થાન આપવું જોઈશે.

બાળકેળવણી માટે બોર્ડે લગભગ ૩ કરોડનું વાર્ષિક ખર્ચ કરવાનું જણાવ્યું છે. પણ શિક્ષક કદી માતાનું સ્થાન લઈ શકવાનો નથી. એટલે માતાઓ જો કેળવાય તો નાનાં બાળકોને શાળામાં ખેંચવાનો આગ્રહ રાખવો અને તે માટે ખર્ચ કરવું બિનજરૂરી છે. આથી માતાઓને પૂરતું શિક્ષણ આપવાની વ્યવસ્થા થાય તો બસ છે. તેમ છતાં જ્યાં માતાઓ કામે જતી હોય, પોતાનાં બાળકોને સાચવી શકતી ન હોય, અગર રહેવા કરવાની વ્યવસ્થા સુઘડ અને સ્વચ્છ ન હોય, ત્યાં આવી શાળાઓ ચલાવવી જોઈશે. કેટલાંક માબાપો પોતાનો બોજ ઓછો કરવા માટે પણ બાળકોને બાળમંદિરોમાં મોકલવાનું ઇચ્છે. પણ તેવાંને માટે રાજ્યે ખર્ચ કરવાની જરૂર હોય નહિ. તેવી શાળાઓનું પૂરેપૂરું ખર્ચ તેવાં માબાપોએ ભોગવવું જોઈએ.

સ્ત્રીકેળવણી માટે બોર્ડને કંઈ અલગ વિચાર કરવાની જરૂર લાગી નથી. કેટલુંક સામાન્ય શિક્ષણ સૌને માટે

સરખું હોય એ સમજાય તેવું છે. પણ કેળવણી પૂરી કરીને જીવનસંગ્રામ શરૂ કરનાર કન્યાઓને માટે વિશેષ જ્ઞાન કે કેળવણીની જરૂર નથી એ સમજવું મુશ્કેલ છે. બીજી કેળવણીને જીવનને અનુરૂપ બનાવવાનો પ્રયત્ન થાય છે તો કન્યાઓને માટે કેમ નહિ? જીવનમાં સ્ત્રીપુરુષ માટે જુદા પ્રકારનું જીવન અને ફરજો છે અને રહેવાનાં છે એ નક્કર હકીકત છે. તો તેનો ખ્યાલ કરીને કન્યાઓને વિશિષ્ટ પ્રકારનાં શિક્ષણ અને તાલીમ આપવાં જોઈએ કે કેમ, તે વિચારવું જોઈએ.

બોર્ડે રજૂ કરેલા વિચારો અને ભલામણોને અંગે આવા કેટલાક મુદ્દા વિચારવા જેવા છે. યોજનાને મૂર્ત સ્વરૂપ મળતાં એવા પ્રશ્નોની છણાવટ થઈને તેને યોગ્ય સ્વરૂપ મળશે એવી આશા રાખી શકાય. એમ બને કે ન બને તોપણ, જો કેવળ સમય-મર્યાદા ઘટાડીને જેવી છે તેવી યોજનાનો સહાનુભૂતિપૂર્વક અમલ થાય તોપણ હિંદની કેળવણીમાં નવો યુગ શરૂ થશે એમ કહેવું વધારાપડતું નથી.

છેવટમાં, હિંદની સમસ્ત પ્રજાની કેળવણીને અંગે, રિપોર્ટના અંતમાં કહ્યું છે તેમ, સરકાર અને પ્રજાને પ્રખ્યાત ચીની કહેવતની યાદ આપવાની જરૂર છે કે:

'વર્ષનો વિચાર કરતા હો તો દાણા વાવજો;
દસકાનો વિચાર કરતા હો તો વૃક્ષો રોપજો;
સૈકાનો વિચાર કરતા હો તો માણસ ઉછેરજો.'

'યોગ્ય સ્ત્રીપુરુષોના ઉછેર વિના હિંદ પોતાની ઉચ્ચ ભાવિ અભિલાષા કદી પરિપૂર્ણ કરી શકે નહિ.'

('શિક્ષણ અને સાહિત્ય' મે થી જુલાઈ, '૪૫)

પુરવણી

૧

સ્વરાજ વિ૦ શિક્ષણ ?*

બ્રિટિશ સરકારે હિંદની સાચી પ્રગતિની ચાવીરૂપ જે એકમાત્ર વસ્તુ સ્વરાજ, તે પ્રશ્નને સારી પેઠે ટોકીને ભોંયરામાં મૂક્યા બાદ, નવો જે મોરચો કાઢ્યો છે તે દેશની યુદ્ધ બાદની પુનર્ઘટનાનો. તે નવીન મોરચાના એક અંગ તરીકે, મિ. સારજંટના મધ્યસ્થ સરકારી કેળવણી મંડળ તરફથી એક લાંબી ભવિષ્યની શિક્ષણયોજના બહાર પડી છે. તે ઉપર દેશમાં સારી માઠી ટીકા તો થાય જ. કાંઈક તેને જવાબરૂપે, ૧૯૪૫ના ફેબ્રુઆરી માસના આદિમાં લખનૌ યુનિવર્સિટીના પદવીદાનના નિમિત્તે બોલવા પ્રસંગ આવતાં, મિ. સારજંટે પોતાનું પ્રવચન કર્યું. તેનો ઠીક ઠીક લાંબો સાર 'ટાઇમ્સ' માં જોયો. શરૂમાં જ ડૉ. સારજંટ આ યોજના વિષે 'न मम न मम' જેવું શું કામ કરે છે તે તો ખબર નથી. તે કહે છે, "આ સરકારી યોજના નથી. અને જોકે કેટલાક અવળા દોરાયેલા લોક મારું નામ તેની જોડે સાંધ્યા જ કરે છે, છતાં તે મારી યોજના પણ નથી." મધ્યસ્થ કેળવણી મંડળનાં છેલ્લાં ૬–૭ વર્ષનાં કામોનું ફળ

* ઉપરની યોજનાનો સાર આપવાનું શરૂ કરતા અગાઉ ફેબ્રુઆરી '૪૫ ના 'શિ૦ સા૦' માં આવેલો લેખ આ છે.

તેમાં નીતરી રહે છે એમ જણાવી, તે એમ પણ કહે છે કે, કેટલીય પ્રાંતિક સરકારો તે ધોરણે પોતપોતાની શિક્ષણ-યોજનાઓ ઘડે છે.

આ વ્યાખ્યાનમાં ડૉ. સારજંટ શિક્ષણમાં પ્રગતિ બાબત, પોતાના અનેક હિંદી મિત્રોમાં એક પ્રકારની હારણવૃત્તિ રહેલી છે, એમ કહે છે. આ વૃત્તિથી તેઓ એમ માને છે કે, સરકારી મંડળની યોજના ગમે તેવી રૂડી રૂપાળી હશે, પરંતુ તે કદી ફાવશે નહિ, કેમ કે તે સાચી ભાવનાથી અમલમાં મુકાશે, એવી આશા ન રાખી શકાય. અને આવી ભીતિ કેટલાંક લોકલ બોર્ડનાં કામ જોયા પરથી જન્મી હશે એમ (તે વ્યાખ્યાનમાં) તે માને છે. આમ માનવું જ એમને માટે સરળ અને જરૂરી છે. કેમ કે એ શી રીતે કહી કે માની શકે કે, હિંદીઓમાં તેમને જે હારણ-વૃત્તિ લાગે છે તે હારણ-વૃત્તિ નથી, પણ અંગ્રેજો ન્યાય અને બુદ્ધિથી જે સ્પષ્ટ છે તે પણ નહિ જ સમજવાની જક લઈને બેઠા છે, એથી હતાશાની કે નિરાશાની એ વૃતિ છે? હિંદીઓ એમના શિક્ષણના વ્યાપક પ્રચારની બાબત જરાય હારણ બન્યા હોય, તો ગયા જ મહિનામાં સેવાગ્રામમાં જે રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ મળી તે શું કામ મળત? અને તેમાં એવો સૂર શું કામ નીકળત કે, સરકાર વગેરેની વાતો છોડી સેવાગ્રામને કેન્દ્ર લઈ ત્યાં બધું કામ જમાવવા માંડો? વાત એમ લાગે છે કે, ડૉ. સારજંટ પણ 'આવતા સ્વરાજ'નાં બણગાં ફૂંકી, મનોરથના ઘોડા દોડાવી, જગતની જનતાને દેખાડવા લાગે છે કે, અમે હિંદ માટે બહુ ચિંતિત છીએ. તેને સારુ તે અમેરિકા ગયા. પરંતુ, હિંદી લોક હવે

પ્રત્યક્ષ અને અત્યારે કાંઈ કે થતું જોવા માગે છે. અને તે બાબતમાં જે જોવા મળે તે પરથી જ પોતાની સાચી શ્રદ્ધા ઘડવા ધારે છે.

આ 'આવતા' સ્વરાજ્યની વ્યાખ્યાનાં રમ્ય ચિત્ર દોરતાં સારજંટ સાહેબ લિંકનનું નામેય યાદ કરે છે ! અને એમના હિંદી મિત્રોની ઠેકડી કરે છે કે, 'તેઓ રાજદ્વારી મત આગળપડતો ધરાવે છે એમ તમે કહેશો ને તેઓ જાતે માને છે; પણ તેમના શૈક્ષણિક ને સામાજિક મત મને પછાત લાગે છે.' અને નવા ગ્રેજ્યુએટોને તે કહે છે, "તમે 'બ્રિટિશ સામ્રાજ્યની સાંકળો' નામથી ઘણી વાર વર્ણવાતી ચીજમાંથી છૂટી સ્થાનિક બનાવટની સરખી જ કડતી જંજીરોમાં બંધાઓ, તો તે મોટી દુઃખની વાત થશે."

આધુનિક લોકશાહીના પુણ્યશ્લોક પુરુષ લિંકનનું નામ લઈ, આમ સુરાજ અને સ્વરાજ વચ્ચે ગૂંચવાડો કરવો, એ સત્યનિષ્ઠ હોવા જોઈએ એવા કેળવણીકારને તો ન જ શોભે. પણ શ્રી. સારજંટ એ જ ગોટો કરે છે. 'ટાઇમ્સ ઑફ ઇંડિયા'નો રિપોર્ટ છેલ્લે આ વસ્તુનો પુરાવો આપે છે. શ્રી. સારજંટ અંતે કહે છે—"હું કદી રાજદ્વારી માણસ હતો નહિ ને છું નહિ. પણ એનો અર્થ એ નથી કે હું નોકરશાહીની નીતિરીતિને આખો ને આખો વરેલો છું. રાજપદ્ધતિઓ વિષે મારામારી તો માત્ર મૂર્ખો જ કરે છે. જે ઉત્તમ વહીવટ કરતું હોય તે ઉત્તમ છે. રાજદ્વારી ઝઘડો ચાલુ છે, તેથી આ દેશનું શિક્ષણકાર્ય ખમવું નહિ જોઈએ. તે એવું ક્ષેત્ર છે કે જ્યાં સદ્ભાવી સૌ લોક સાથે મળી કામ કરી શકે છે. . ." આ ભલા ગોરા માણસને કોણ

સમજાવે કે, હિંદનું શિક્ષણનું મોટું ને મુખ્ય કામ એની સ્વતંત્રતા છે? રચનાત્મક કાર્યના પરમ શિક્ષક એવા એના નેતાને રાહે એ મેળવવું એમાં જ આ દેશ માટે સાચો શિક્ષણ-પ્રયત્ન સમાયેલો છે? અને મિ. સારજંટ જે વાતોને શિક્ષણ સમજીને ડોકચે રાખે છે, તેણે જ આ દેશની જંજીરો વળી મજબૂત કરી છે? એ કામ રખેને પ્રજાનાયકો પોતાની આઝાદ ઢબે ગોઠવે, તેથી તો સરકાર ભડકી નથી ને?

સારજંટ સાહેબ પોતાની પદવીદાનવાણીમાં કહે છે કે, 'શિક્ષણ હમેશ સારું જ હોય એમ ન માનતા; તે જો સાચી રીતે અપાય તો જ સારું. જેમ કે, જુઓ જર્મન શિક્ષણ કેવું પાપ-સાધન બની બેઠું છે!" હિંદની અંગ્રેજી કેળવણી આવું જ બીજી રીતે બનેલું પાપ-સાધન નથી? તે સાચી દાનતથી નથી અપાયું. તેમાં એના વેપાર-ભ્રષ્ટ રાજ્યની અમરતાનો સંકલ્પ રહેલો છે. એને લઈને એમાં બારોબાર કુશિક્ષણ પેઠું છે. એક ઉમદા પ્રજાને તેણે અવળા પાટા બંધાવવા જેવું કુપરિણામ આણ્યું છે. પણ આ બધું મિ. સારજંટ ન સમજી શકે. જો સમજે તો, હિંદી શિક્ષણ માટે કોઈ યોગ્ય હિંદીને સલાહમાં લો, એમ જ તે સરકારને પહેલી સલાહ ન આપત? ખેર.

આપણા દેશને માટે મૂળ ને મુખ્ય યોજના સ્વરાજપ્રાપ્તિ માટેની છે, એ ભૂમિકા ભુલાવી ન જોઈએ. તો આવા અવળા પ્રયત્નો પણ કાંઈક મદદ કરી શકે; કાંઈ નહિ તો આપણને ભરમાવી તો ન જ શકે.

મગનભાઈ દેસાઈ

૨

શિક્ષણની પુનર્ઘટના—એક પ્રશ્ન*

યુદ્ધ બાદ શિક્ષણનું કામ કેમ આગળ ધપાવવું તે અંગે સરકારે યોજના બહાર પાડી છે. તેમાં, અને સામાન્ય રીતે આવી જાતની બધી વિચારણામાં એક લક્ષણ એ જોવા મળે છે કે, તેમાં ગુણ કરતાં કદ કે જથ્થો વધારવાનો પ્રયાસ મુખ્ય હોય છે:— આટલી નિશાળો વધારવી જોઈશે, આટલા શિક્ષકો જોઈશે, આટલો તેમનો પગારખર્ચ, આટલું અધ્યાપન મંદિરો વધારવાનું કામ. ઇ૦ ઇ૦. આ બધું બિનજરૂરી છે કે કરવાનું નથી એમ કહેવાનો મુદ્દલ આશય નથી. ચાલુ વિચારણાઓમાં આ એક સૂચક અને વિચારવા જેવી ખાટી છે એટલું જ.

સામેથી જોઈએ તો આમપ્રજામાં ભણવાને માટે ઉમળકો વધતો નથી. પ્રૌઢ શિક્ષણને માટે પડાપડી નથી થતી. દેશની પ્રજાને મનમાં એમ ઊગી નથી ગયું કે, આ વગર આપણે ને આપણું કામ વણસે છે. ભણવું એ કોઈ રીતે એક આમઝંખના બન્યું નથી.

આથી કરીને ઉપરનો કદવૃદ્ધિનો વિચાર મૂળ પાયા વગરનો લાગે છે. અને સામી બાજુ, શિક્ષણની ગુણપરીક્ષા અને ગુણવૃદ્ધિ માટેની તાલાવેલી ખાસ દેખાતી નથી.

---

* યોજનાના સારના લેખો પૂરા થતાં, તેની પૂર્ણાહુતિરૂપે લખેલી નોંધ. 'શિ૦ સા૦' જુલાઈ, '૪૫, પા. ૧૬૫ ઉપરથી લીધી છે.)

પુનર્ઘટનાની વિચારણામાં આ મુખ્ય જરૂરના વિચારને ભાગ્યે જ ઘટતું સ્થાન મળે છે.

પરિણામે, બને છે એમ કે, ચાલુ દોષિત પ્રથાનું જ મોટું તોસ્તાન આગળને આગળ યોજાતું જાય છે, અને તેને રાષ્ટ્રના શિક્ષણનો વિકાસ માની બેસવાની ભૂલ કે ભ્રમણા ચાલે છે. સારું છે કે, એ રીતે કામ કરતાં જડ ખર્ચની સખત બ્રેક વાગે છે.

એટલે પુનર્ઘટનાનો સાચો વિચાર, શિક્ષણે રાષ્ટ્રના કામમાં શી રીતે પોતાની ફરજ અદા કરવાની છે, એ દૃષ્ટિને સામે રાખીને કરાવો જોઈએ. ખરી પુનર્ઘટના આ નથી? કેમ કે, જો સાચે સ્વરૂપે શિક્ષણપ્રથાનો વિચાર કરાય ને કામ ચાલે, તો તેના બીજને જ જોરે તેનું કદ આપોઆપ વધશે. પ્રજામાં એક વાર શિક્ષણ વિષેની પેલી ગ્લાનિ ને બેપરવાઈ કે ગેરસમજની ટાઢક ગઈ, એટલે આખી પ્રજા ભણવાને માટે પડાપડી કરશે. શિક્ષણમાં આગળ વધવાને માટે, રાષ્ટ્રના માનસમાં આવી કાંઈક ક્રાંતિ પહેલી થવી જોઈએ. તે નહિ થાય તો આજે જે વર્ગો (નોકરી કરી ખાનાર મધ્યમવર્ગ મુખ્યત્વે) ભણે છે, તેઓ જ તે ભણી ખાવાના ધંધામાં રહેશે. આખા રાષ્ટ્રનાં માણસો ઘડનાર એક જીવંત ઉદ્યોગ શિક્ષણ નહિ બની શકે. આજે જે વિચારણાઓ ચાલે છે તે બધીમાં આ એક મૂલગત ઊણપ લાગે છે, ને તેથી તે બધી કેમ કરીને રાષ્ટ્રનું શિક્ષણકામ સફળ કરી બતાવશે એ વિષે પ્રશ્ન રહે છે. ખર્ચની અમુક રકમ આપો, પૂરતા પગાર આપવાનું નક્કી કરો, મકાનો ઇ૦ સરંજામ આપો; તે બધાનું બજેટ કરો,— આ હમે

ખૂબ વિચાર થાય છે. પણ રાષ્ટ્રમાં શિક્ષણ માટે જે જાતનાં ભાવ સમજ યા તેનો અભાવ છે, તે જોતાં આ બધું વર વિનાની જાન જેવું નથી લાગતું?

આ ઉપરથી રખે કોઈ માની લે કે, ચાલુ વિચારણાઓમાં ગુણ-વિચારનો સદંતર અભાવ છે, એમ હું કહું છું. તે પ્રત્યે મુખ્ય નજર નથી; જેની પહેલી જરૂર છે તે બાબતમાં આગ્રહ અને વિચાર નથી;—એ રજૂ કરવાનો અહીં આશય છે. અને એ બાબતમાં રાષ્ટ્રના શુભચિંતકોએ પહેલું ન પડવું જોઈએ? સમગ્ર પ્રજાનું ઘડતર એક જ રીતે થઈ શકે છે; ને તે તેના આત્માને જાગ્રત કરીને. હિંદને જો દુનિયાના સ્વતંત્ર દેશ તરીકે હવે મંડાણ કરવું હોય, તો તેની પ્રજાએ આવી જાગૃતિ ને નવજોશ બતાવવાં પડશે. કોઈ પણ યોજના તેના જ આધાર પર ચાલી શકે. નહિ તો જીવ વગરના દેહ જેવું થવા સંભવ છે. મo

૩

પાયાની કેળવણીમાં અંગ્રેજીનું સ્થાન

તા. ૨૨–૧૨–'૪૧ના 'હિંદુ'પત્રની નીચેની કાપલી, ત્યારની મારી પાસે સંઘરી રાખેલી, આજેય વાચક આગળ મૂકવી જોઈએ, એવી મહત્ત્વની છે. તેના લેખક શ્રી. કુપ્પુસ્વામીની ઓળખ તેમાં જ પ્રારંભે છે. ઉપરાંત જણાવું કે, તે વર્ધા શિક્ષણ યોજનાના પ્રેમી છે અને તે યોજના શરૂ થઈ ત્યારે જે તાલીમવર્ગ, ચર્ચાપરિષદો ૪૦ વર્ધામાં થયેલાં, તેમાં ભાગ લેનાર એક હતા. તેમણે જ્યારે જોયું કે, તે યોજનાની એક મોટી ને (મારે મન) ભારે ક્રાંતિકારી બાબતમાં ભલભલા પણ ભૂલ ખાય છે કે લોકને ભૂલમાં નાંખવા માગે છે, ત્યારે તેનાથી અકળાઈને તે બાબત તેમણે ગાંધીજીને લખી અને તેમનો સ્પષ્ટ મત આવ્યો તે 'હિંદુ'માં પ્રસિદ્ધ કર્યો. તે વાંચી મેં તે સંઘરી લીધો અને પહેલી તક મળતાં તે જ અરસામાં તે ગાંધીજીને બતાવી, તે હેવાલ બરોબર છે કે કેમ તે પૂછ્યું. તેમણે મને કહ્યું કે, આ કાપલીનો હેવાલ બરોબર છે ને મારે તેમાં કાંઈ સુધારવાનું નથી.

તે કાપલી નીચે પ્રમાણે છે :—

"શ્રી. એન. કુપ્પુસ્વામી આયંગર, એમ. એ., એલ. ટી. નિવૃત્ત થયેલા અધ્યાપક, ટ્રેનિંગ કોલેજ, ત્રિવેન્દ્રમ,— એ લખે છે :—

'શ્રીનગર (કાશ્મીર)માં મળેલી કેળવણી પરિષદમાં પ્રશ્ન ઊઠ્યો કે, વર્ધા યોજનાની શાળાઓના પાંચમા ધોરણમાંથી વિદ્યાર્થીઓ માધ્યમિક શિક્ષણમાં — એટલે કે

અંગ્રેજી શાળાઓમાં — જાય, એ ગાંધીજીએ અને હિંદુસ્તાની તાલીમી સંઘે ભલામણ કરેલી પાયાની કેળવણીની યોજના સાથે સુસંગત છે ખરું? આ બાબતની શંકા દૂર કરવાને માટે મેં ગાંધીજીની મુલાકાત મેળવી અને તેમને જણાવ્યું :— યુ. પી. અને કાશ્મીરની શિક્ષણ સમિતિઓ તથા મધ્યસ્થ સરકારનું શિક્ષણ સલાહકાર મંડળ, એ બધાં આ પ્રકારની પાંચમે વર્ષે ફંટામણીની ભલામણ કરે છે; આ સમિતિઓ તથા મંડળ વગેરે બધાંમાં અનેક આગળપડતા કૉંગ્રેસીઓ તથા તાલીમી સંઘના કેટલાક સભ્યોએ પણ મેમ્બર તરીકે કામ કરેલું છે. આથી કરીને, ઘણા લોકો એમ માનવા લાગ્યા છે કે, ગાંધીજીએ બતાવેલી પાયાની કેળવણી એક જાતનું ઊતરતું શિક્ષણ છે ને તે ગામડાંના ગરીબો માટે છે; અને એમાં એવી ગણતરી છે કે, આમજનતા નોકરી આદિ જે ઊજળા ધંધા છે તેમાં ઉપલા વર્ગોની સાથે હરીફાઈ ન કરે. આ ખ્યાલને જો વધતો જવા દેવામાં આવે, તો વર્ધા શિક્ષણ યોજનાને મૂળમાં જ ને ડાંભે. તે જ વખતમાં તેમને ખબર પડી કે, 'નેશનલ પ્લેનિંગ કમિટી'એ* પણ આ ફંટામણી મંજૂર રાખી છે! આથી તો વાત વળી વધારે કથળી.

'(પરિષદના) મંત્રીએ આ સ્થિતિનું સમર્થન કરવા એવી રીતે પ્રયત્ન કર્યો કે, કોઈ ધની લોક તેમનાં છોકરાંને બીજી જાતનું શિક્ષણ આપવા માગે, તો તેમને રોકી તો ન જ શકાય.

* અને એ જ દશા સારજંટ યોજનામાં પણ કાયમ રહે છે. તેમાં પણ પાંચ વર્ષ બાદ બીજી શાળાઓમાં જઈ શકાય, ને અંગ્રેજી ત્યાં ન જ હોય એવું નથી.

'મેં તેના જવાબમાં કહ્યું કે, પ્રશ્ન એ નથી કે, તે લોકોને આપણે રોકી શકીએ, કે ન રોકી શકીએ. આપણે તેને ન રોકી શકીએ તોપણ તે ઉપરથી એમ નથી સિદ્ધ થતું કે, આપણે તેમાં સંમત થવું જોઈએ.

'ગાંધીજીએ જવાબ આપ્યો : "ધનિક કે અણસમજુ લોકો ગમે તેમ કરે, કોંગ્રેસીઓ ગમે તે કહે કે ગમે તે કરે; મારી પાસે, સમજાવટ સિવાય બીજી કોઈ સત્તા નથી. મારા મનમાં મને મુદ્દલ સંદેહ નથી કે, ૭ વર્ષની પાયાની કેળવણી પૂરી કર્યાં પહેલાં, તેના પાંચમા ધોરણથી અંગ્રેજી શાળામાં વિદ્યાર્થી ફંટાય, એ વસ્તુ મેં સૂચવેલી પાયાની કેળવણી પદ્ધતિને અસંગત છે."

'મેં વિનંતી કરી કે, આ ગાંધીજીના વિચાર બને તેટલો વધારે પ્રસિદ્ધ કરવામાં આવે. ગાંધીજીએ મને તરત તેવી રજા આપી.' "

શ્રી. કુપ્પુસ્વામીએ આ બા મુદ્દો ટૂંકમાં છતાં એવી સચોટ રીતે મૂક્યો છે કે, વધુ કશું કહેવાની જરૂર નથી. અંગ્રેજીને પાયાની કેળવણીનાં સાત-આઠ વર્ષમાં સ્થાન ન હોય એ કોઈ રીતનો અવહેવારુ ગગનવિહાર નથી. એમાં ઉપલા વર્ગોને કોઠે પડી ગયેલી નરી સ્વાર્થી નજર જ હોય એમ લાગે છે. બાકી સરકારી સમિતિએ કહ્યું છે કે, પાયાની શાળામાં અંગ્રેજી ન હોય. તેમાં સુધારો (કે કુધારો?) કરવો પડે છે, એ આવતા સ્વરાજને માટે સૂચક ભયચિહ્ન છે. સમાજે એનો વેળાસર વિચાર કરી રાખવો જોઈએ.

('શિક્ષણ અને સાહિત્ય' ઑગસ્ટ '૪૫) **મ૦**

૪

શિક્ષણવિષયક માહિતી

સારજંટ યોજનામાં ધારેલું ખર્ચ

યોજના પૂરેપૂરી અમલમાં આવે (૪૦ વરસે) ત્યાર પછીનું વાર્ષિક ખર્ચ (રૂ. લાખમાં)

	અંદર ખર્ચ	ફી વગેરેની આવક	ચોખ્ખું ખર્ચ
૧. પ્રાથમિક શાળાઓ	૨૦૦,૦૦	—	૨૦૦,૦૦
૨. બાળમંદિરો	૩,૨૦	—	૩,૨૦
૩. હાઈ સ્કૂલો	૭૯,૦૦	૨૯,૦૦	૫૦,૦૦
૪. યુનિવર્સિટીઓ	૯,૬૦	૨,૯૦	૬,૭૦
૫. ઔદ્યોગિક શાળાઓ	૧૦,૦૦	૨,૦૦	૮,૦૦
૬. પ્રૌઢશિક્ષણ	૩,૦૦	—	૩,૦૦
૭. શિક્ષકતાલીમ	૬,૨૦	૧,૭૦	૪,૫૦
૮. સમાજસેવા અને આનંદ-પ્રમોદ ખાતું	૧,૦૦	—	૧,૦૦
૯ વ્યવસાય સહાયક ખાતું	૬૦	—	૬૦
કુલ	૩૧૨,૬૦	૩૫,૬૦	૨૭૭,૦૦

યોજનાનો પૂરો અમલ થયે કેટલાંને દર વરસે કેળવણી આપી શકાશે?

	હાલને ધોરણે		યોજના પ્રમાણે
	(વિદ્યાર્થી સંખ્યા)		
પ્રાથમિક શાળાઓ			
,, ધો. ૧–૫	૧૨૦	લાખ	૩૬૦
,, ,, ૬–૮	—*	,,	૧૫૬
હાઈ સ્કૂલો	૧૦	,,	૭૨
યુનિવર્સિટીઓ	૧૭૬	હજાર	૨૪૦
શિક્ષકવિદ્યાલયો	૨૦	,,	૯૦

આ ઉપરાંત ૩ થી ૬ વરસનાં ૧૨ લાખ બાળકોને બાળમંદિરોમાં શિક્ષણ આપવામાં આવશે અને ૭૫ હજાર વિદ્યાર્થીઓને ઔદ્યોગિક શાળાઓમાં શિક્ષણ આપવામાં આવશે. તે ઉપરાંત ૨૫ વરસની યોજના કરીને ૯ કરોડ નિરક્ષર પ્રૌઢોને અક્ષરજ્ઞાન આપવામાં આવશે.

કેટલા શિક્ષકો જોઈશે?

	સંખ્યા		સૂચવેલો સરેરાશ માસિક પગાર
પ્રાથમિક શાળાઓ			રૂ.
,, ધો. ૧–૫	૧૨૦૦	હજાર	૪૨ ૫+
,, ,, ૬–૮	૬૦૦	,,	૬૧.૫
હાઈ સ્કૂલો			
,, ધો. ૧–૩	૧૮૧	,,	૬૧.૫
,, ૪–૭	૧૮૧	,,	૧૧૮.૭

* આ આંકડા મળ્યા નથી.

+ ઓછામાં ઓછો પગાર માસિક રૂ. ૩૦

આજની પરિસ્થિતિ*

	બ્રિ. હિંદ	મુંબઈ ઇલાકો
ક્ષેત્રફળ (ચો. મા.)	૮૬૫ હજાર	૭૬
કુલ વસ્તી	૨૯૫૮ લાખ	૨૦૮
લખી વાંચી શકે તેવાં કેટલાં	૩૭૦ ,,	૪૧
વસ્તીના કેટલા ટકા ભણેલાં	૧૨.૫	૧૯.૫
૧૧ થી ૫૦ વરસનાં અભણ	૨૦૦૦ લાખ	૯૪
ભણતા વિદ્યાર્થીઓ	૧૫૩ ,,	૧૮
કુલ વસ્તીમાંથી કેટલા ટકા ભણે છે?	૫.૨	૮.૭
કુલ શિક્ષણખર્ચ રૂ.	૩૦૦૦ લાખ	૪૯૪
વસ્તીના માથાદીઠ શિક્ષણખર્ચ રૂ.	૧	૨–૬–૦
માથાદીઠ સરકાર કેટલું ખર્ચે છે?	૦-૮-૯	૧–૬–૬

કેળવણીનું પ્રમાણ

	લખી વાંચી શકે તેવા કુલ વસ્તીના ટકા	માથા દીઠ સરકારી શિક્ષણ ખર્ચ રૂ.
અમેરિકા	૯૪.૫	૬૫
ઇંગ્લન્ડ	૯૪	૩૩
રશિયા	૯૮	૧૫૮
જાપાન	૯૯.૭	૧૧
બ્રિ. હિંદ	૧૨.૫	૦–૮–૯

* આમાં આપેલી માહિતી ઈ. સ. ૧૯૪૧ની આસપાસની છે. મુંબઈ ઇલાકાની માહિતી ૧૯૪૨–૪૩ની સાલની છે.

૨

જુદા જુદા દેશોમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ

ગ્રેટ બ્રિટન	૮૩૭	માણસે	૧	કૉલેજમાં ભણતો હતો
અમેરિકા	૨૨૫	,,	૧	,,
રશિયા	૩૦૦	,,	૧	,,
હિંદ	૨૨૦૬	,,	૧	,,

યુનિવર્સિટીઓનું પ્રમાણ

				યુનિવર્સિટીઓ
ઇંગ્લન્ડ	૪૧૦	લાખની	વસ્તી માટે	૧૨
કૅનેડા	૮૫	,,	,,	૧૩
ઑસ્ટ્રેલિયા	૫૫	,,	,,	૬
અમેરિકા	૧૩૦૦	,,	,,	૧૭૨૦
હિંદ	૪૦૦૦	,,	,,	૧૮

હિંદમાં જુદી જુદી શિક્ષણસંસ્થાઓમાં વિદ્યાર્થીઓનું પ્રમાણ

	કુલ વિદ્યાર્થીઓના ટકા
કૉલેજો	૧
હાઈ સ્કૂલો	૭
મિડલ સ્કૂલો	૧૦
પ્રાથમિક શાળાઓ	૭૫
બીજી શાળાઓ	૭

એટલે પ્રાથમિક શાળામાં ભણતા વિદ્યાર્થીઓમાંથી ઉચ્ચ-શિક્ષણ લેવા સુધી તો ફક્ત ૧ ટકા જેટલા વિદ્યાર્થીઓ પહોંચે છે. આ વસ્તુ નીચેના કોઠામાં જુદી રીતે બતાવવામાં આવી છે.

૩

કેટલા વિદ્યાર્થીઓ આગળ ભણી શકે છે?

૫ થી ૧૪ વરસનાં ભણવા યોગ્ય બાળકોમાંથી	૫ માંથી ૧ નિશાળમાં જાય છે.
નિશાળમાં દાખલ થનાર	૪ માંથી ૧ ચોથા ધોરણ સુધી પહોંચે છે.
માધ્યમિક શાળામાં ભણનાર	૧૦ માંથી ૧ મૅટ્રિક સુધી પહોંચે છે.
કૉલેજમાં દાખલ થનાર	૬ માંથી ૧ ઉપાધિ મેળવે છે.

કેળવણીનું વિદ્યાર્થી દીઠ વાર્ષિક ખર્ચ

	૧૯૪૧ના અરસામાં રૂ.	સારજંટ રિપોર્ટમાં સૂચવેલું
કૉલેજ	૩૦૦	૪૦૦
હાઈ સ્કૂલ	૫૪	૧૦૮.૬૬
મિડલ સ્કૂલ	૨૧	૫૫.૩૧
પ્રાથમિક શાળા	૧૩	૩૧.૮૪
પ્રૌઢ દીઠ	૪	૪.૬

કેળવણી કેટલી વધી?

કુલ વસ્તીમાંથી ભણેલા

	૧૯૨૧		૧૯૪૧
રશિયા	૨૨	ટકા	૯૮
હિંદ	૭	,,	૧૨.૫૫

બ્રિ. ગુજરાતમાં શિક્ષણ

	અમદાવાદ	ખેડા	ભરૂચ	સુરત	પંચમહાલ	કુલ બ્રિ. ગુજરાત
વસ્તી (હજારમાં)	૧,૩૭૨	૯૧૫	૩૯૭	૮૮૧	૫૨૭	૪,૦૯૨
ક્ષેત્રફળ (ચો. મા.)	૩,૮૭૯	૧,૬૧૭	૧,૫૯૦	૧,૬૯૫	૧,૬૦૮	૧૦,૩૮૯
ગામડાં અને શહેરો	૮૮૮	૫૮૧	૪૦૬	૭૯૦	૬૨૬	૩,૨૯૧
શાળા, મહાશાળા	૧,૦૫૮	૧,૦૦૫	૫૫૨	૧,૦૦૪	૫૦૭	૪,૧૨૬
કેટલી જગ્યાએ છે?	૫૭૮	૪૯૨	૩૪૭	૫૭૮	૩૨૯	૨,૩૨૪
કેટલાં ગામડાંમાં નથી?	૩૧૦	૮૯	૫૯	૨૧૨	૨૯૭	૯૬૭
કુલ ભણતા વિદ્યાર્થીઓ (હજારમાં)	૧૦૯	૮૦	૪૨	૯૭	૩૦	૩૫૮*
વસ્તીના કેટલા ટકા ભણે છે?	૭.૯	૮.૭	૧૦.૬	૧૧	૫.૭	૮.૭

* બ્રિ. ગુજરાતમાં ૧૫ વરસ ઉપરનાં નિરક્ષર પ્રૌઢોની સંખ્યા લગભગ સોળ લાખની છે.

વાંચવા જેવું કેટલુંક સાહિત્ય

ગાંધીજીની આત્મકથા		૨–૦–૦
‘નીતિનાશને માર્ગે’	ગાંધીજી	૦–૮–૦
અનાસક્તિયોગ	,,	૦–૪–૦
ત્યાગમૂર્તિ	,,	૧–૦–૦
ગામડાંની વહારે	,,	૦–૨–૦
એક સત્યવીરની કથા	,,	૦–૨–૦
રાષ્ટ્રભાષા વિષે વિચાર	,,	૦-૧૨-૦
વર્ણવ્યવસ્થા	,,	૦-૧૨-૦
મંગળ પ્રભાત	,,	૦–૩–૦
વ્યાપક ધર્મભાવના	,,	૨–૦–૦
ધર્મમંથન	,,	૧–૮–૦
સર્વોદય	,,	૦–૩–૦
હિંદ સ્વરાજ	,,	૦ ૬–૦
બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ	મહાદેવ દેસાઈ	૧-૧૨ ૦
એક ધર્મયુદ્ધ	,,	૦–૬–૦
જીવતા તહેવારો	કાકા કાલેલકર	૧–૦–૦
ગીતાધર્મ	,,	૧–૦–૦
જીવનસંસ્કૃતિ	,,	...
જીવનવિકાસ	,,	...
કેળવણીના પાયા	કિ. ધ. મશરૂવાળા	૧-૦-૦
સ્ત્રી-પુરુષ-મર્યાદા	,,	૦-૧૨-૦
યંત્રની મર્યાદા	નરહરિભાઈ પરીખ	૦-૧૪-૦
કન્યાને પત્રો	,,	૦–૮–૦
ભારતસેવક ગોખલે	જુગતરામ દવે	૧–૮–૦
સર્વોદયની જીવનકળા	જેક્સ કૃત	૨–૦–૦
મનુષ્યની સર્વાંગીણ કેળવણી	,,	૦-૧૪-૦

૪ આના